# હિસાબ નિયામકશ્રીની કચેરી,નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

---

**વંચાણે લીધા** : ગુજરાત સરકાર, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : ઈપીટી/ ૧૦૨૦૧૨/ સીએસઓ/ ૨૧–ઝ, તારીખ : ૫.૧૨.૨૦૧૬

## પરિપત્ર

**તાત્કાલિક**

**વિષય : નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનાં તમામ પ્રકારના નાણાંકિય વ્યવહારો ઈ–પેમેન્ટ/ડીજીટલ પ્લેટફોર્મ મારફત કરવા બાબત...**

ઉપરોક્ત વંચાણે લીધા ઠરાવથી રાજયની તમામ પ્રકારની કચેરીઓમાં તમામ પ્રકારની નાણાંકિય લેવડ–દેવડ ડીજીટલ પ્લેટફોર્મ મારફત કરવા ઠરાવેલ છે, જે ઠરાવની નકલ આ સાથે સામેલ છે.નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીએ પણ ઉક્ત ઠરાવનો ચુસ્ત પણે અમલ કરવાનો થાય છે. તો ઉક્ત સરકારશ્રીના ઠરાવમાં થયેલ જોગવાઈ મુજબ આ યુનિવર્સિટીમાં તમામ પ્રકારના નાણાકિય વ્યવહારોમાં નીચે મુજબની કાર્યપધ્ધતી અપનાવવા જણાવવામાં આવે છે.

### (૧) કચેરીમાં નાણાંની આવક સ્વીકારવા બાબતની કાર્યપધ્ધતી :

- હાલમાં અમલમાં રહેલ રૂા. ૫,૦૦૦/– થી ઓછી રકમની રોકડ આવક, બેન્ક ડ્રાફટ, ચેક, પોસ્ટલ ઓર્ડરથી સ્વિકારવાનું ચાલુ રહેશે, અને જે અગાઉની જેમ પ્રથમ જે તે ડી.ડી.ઓ.ના એકાઉન્ટમાં જમા લઈ, એન.એ.યુ.ફંડ એકાઉન્ટમાં જમા કરવાની પધ્ધતિ ચાલુ રહેશે.
- ડીજીટલ પ્લેટફોર્મ મારફત નાણાની આવક સ્વીકારવા માટે આ કચેરી દ્વારા ઈ–રીસીપ્ટ માટેનું નવું **NAU e-Uday Fund A/c** નાં નામનું ચાલુ ખાતુ ખોલાવવામાં આવેલ છે, જેનો ખાતા નંબર **362922 36004** છે. તો હવેથી તમામ પ્રકારની ડીજીટલ પ્લેટફોર્મ મારફતની આવક નીચેની વિગતે જમા કરાવવાની રહેશે.
- આ યુનિવર્સિટીનાં તમામ નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીઓને ડીજીટલ પ્લેટફોર્મ મારફત આવક સ્વીકારવા માટે (POS) (પોઈન્ટ ઓફ સેલ) ટર્મીનલ મશીન અત્રેથી પુરા પાડવામાં આવશે, જેમાં એટીએમ કાર્ડ / ડેબીટ કાર્ડ/રૂપે કાર્ડ/ ક્રેડીટ કાર્ડના માધ્યમથી (POS) મશીનમાં સ્વાઈપ કરીને નાણાં સ્વીકારી શકાશે. આ (POS) મશીન NAU e-Uday Fund A/c સાથે આંતરીક જોડાણથી જોડાયેલ હોય (POS) મશીન દ્વારા સ્વીકારેલ નાણાં સીધા NAU e-Uday Fund A/c માં જમા થઈ જશે. (POS) મશીન બેન્ક પાસે માંગણી રજુ કરવામાં આવેલ છે, જે મળ્યેથી દરેક કચેરીને હવે પછી અત્રેથી ફાળવણી કરી આપવામાં આવશે.
- જેમની પાસે એટીએમ / ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ નથી તેવા વ્યકિતઓ પણ પહેલાથી બેન્કમાં બેલેન્સ જમા કરાવીને પ્રિ–પેઈડ કાર્ડ મેળવી શકશે અને તે પ્રિપેઈડ કાર્ડ (POS) મશીનમાં સ્વાઈપ કરીને આવી આવક સ્વીકારી શકાશે.
- આ યુનિવર્સિટીમાં ચાલતી તમામ પ્રકારની કોલેજોમાં પણ વિધાર્થીઓની તમામ પ્રકારની ફી ઉપર મુજબ સ્વીકારી શકાશે,તેમજ તે સિવાય વિધાર્થીઓ આવી તમામ પ્રકારની ફી નીચે મુજબનાં બેન્ક ખાતામાં બારોબાર નેટ બેન્કીગ / મોબાઈલ બેન્કીગથી પણ જમા કરાવી શકશે.

| | |
|---|---|
| **Name of Bank** | **: State Bank of India** |
| **Branch Name** | **: NAU Campus Branch** |
| **Name of A/c** | **: NAU e-Uday Fund A/c** |
| **Account No** | **: 362922 36004** |
| **IFS Code** | **: SBIN0003889** |
| **MICR Code** | **: 396002014** |

[PTO]

## (૨) કચેરીનાં નાણાંની ચુકવણી માટેની કાર્યપધ્ધતી (ઈ–પેમેન્ટ) :

- આ યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં તમામ અધિકારી/કર્મચારીશ્રીઓનાં બેન્ક ખાતા ખોલાવી બેન્ક ખાતા સાથે આધાર સીડીંગ અને મોબાઈલ સીડીંગ કરાવી લેવાના રહેશે. તેમજ તમામ કર્મચારી/ અધિકારીશ્રીઓએ ડેબીટ કાર્ડ મેળવી લે તેવી વ્યવસ્થા કરવાની રહશે.
- આ યુનિવર્સિટીમાં રોકવામાં આવેલ તમામ પ્રકારનાં રોજમદાર મજુરો, કરાર આધારીત રોકેલ JRF/SRF ની યોજનામાં રોકેલ કર્મચારીઓનાં આધાર/મોબાઈલ સીડીંગ સાથેનાં બેન્ક ખાતા નંબર મેળવી તેમનાં ચુકવણા ઈ–પેમેન્ટથી કરવાના રહેશે.
- તમામ પ્રકારનાં કોન્ટ્રાકટરની કામગીરી/ સિકયુરીટી એજન્સીની કામગીરીનાં બીલોનાં ચુકવણા પણ ઈ–પેમેન્ટ દ્વારા કરવાના થતાં હોય, જેતે પાર્ટીનાં આધાર/મોબાઈલ સીડીંગ સાથેનાં બેન્કનાં ખાતા મેળવી ઈ–પેમેન્ટ થી ચુકવણાં કરવાનાં રહેશે.
- ડીજીટલ પ્લેટફોર્મ મારફત નાણાંકિય વ્યવહારો થઈ શકે તે માટે જેતે કચેરીઓએ તેમનાં તમામ કર્મચારીઓનાં / લાભાર્થીઓનાં બેન્કમાં ખાતા ખોલાવી બેન્ક ખાતા સાથે આધાર સીડીંગ અને મોબાઈલ સીડીંગ કરાવવાની તેમજ તમામ કર્મચારી / લાભાર્થી ડેબીટ કાર્ડ / રૂપે કાર્ડ મેળવી લે તેવી વ્યવસ્થા તા. ૩૧.૦૩.૨૦૧૭ સુધીમાં સુનિશ્ચિત કરવાની રહેશે.
- રૂા. ૫,૦૦૦/– અને તેનાથી વધુ રકમનું ચુકવણું ઉપર મુજબ ઈ–પેમેન્ટથી જ કરવાનું રહેશે તેમ છતાં અમલ નહી કરવામાં આવે તો તેની જવાબદારી જેતે નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીની અંગત રહેશે.

આમ આવક સ્વીકારવા તેમજ ચુકવણા કરવા માટેની ઉપર મુજબની કાર્યપધ્ધતી તાત્કાલિક અસરથી અપનાવવાની રહેશે, જેનો અમલ કરાવવાની જવાબદારી જે તે કચેરીનાં વડાશ્રી તેમજ નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીની રહેશે.

સદરહું પરિપત્ર મા. કુલપતિશ્રીની ફાઈલ ઉપર મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

હિસાબ નિયામક

---

જા.નં.નકૃયુ/કોમ્પટ/કંન્ટ્રોલ/ ૫૪૦૩/૨૦૧૬
નવસારી તારીખ : ૧૩/૧૨/૨૦૧૬

**નકલ સવિનય રવાના :**

(૧) આ યુનિવર્સિટીનાં તમામ અધિકારીશ્રીઓ તરફ....જાણ સારુ
(૨) સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
(૩) તમામ વિધાશાખાઓના ડીનશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
(૪) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
(૫) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
(૬) આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.
(૭)આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓ તરફ..ચુસ્તપણે તાત્કાલિક અસરથી અમલવારી કરાવવા સારુ.

સરકારી/અર્ધસરકારી અને સરકારના વહીવટી અંકુશમાં હોય તેવી તમામ કચેરીઓએ તેમના તમામ સરકારી નાણાંકીય વ્યવહારો ઇ-પેમેન્ટ/ ડીજીટલ પ્લેટફોર્મ મારફત કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક :. ક્રમાંકઃઈપીટી/ ૧૦૨૦૧૨/ સીએસઓ/ ૨૧-ઝ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૦૫/૧૨/૨૦૧૬

વંચાણે લીધો:

(૧) નાણા વિભાગનો તા.૩૦/૪/૨૦૧૩ ઠરાવ ક્રમાંક ઈપીટી/૧૦૨૦૧૨/સીએસઓ-૨૧/ઝ

(૨) નાણા વિભાગનો તા.૨૭/૫/૨૦૧૩ ઠરાવ ક્રમાંક : તજર/૧૦૦૫/૧૫૩/ઝ

ઠરાવ:-

નાણા વિભાગના તા.૩૦/૪/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃઈપીટી/૧૦૨૦૧૨/ સીએસઓ ૨૧-ઝ થી રાજયની તમામ પ્રકારની કચેરીઓમાં તમામ પ્રકારના બીલોના ચુકવણા તબકકાવાર ઈ-પેમેન્ટથી કરવા બાબતની વિસ્તૃત સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સૂચનાઓમાં ઉપાડ અને વહેંચણી અધિકારીઓએ કરવા અંગેની કાર્યવાહી તેમજ તિજોરી કચેરી/ પગાર અને હિસાબી કચેરીએ કરવાની કાર્યવાહી તેમજ બેંકે કરવાની કાર્યવાહી અંગેની વિસ્તૃત સૂચનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. ત્યારબાદ નાણાં વિભાગના તા.૨૭/૫/૨૦૧૩ના ઠરાવથી ડીજીટલ સીગ્નેચર અંગેની સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. વર્તમાન ડીજીટલ યુગમાં મોબાઈલ બેંકીંગ અને અન્ય ડીઝીટલ પ્લેટફોર્મ મારફતે નાણાકીય વ્યવહારો કરવાનું ચલણ વધેલ છે. તેના સંદર્ભમાં સરકારના વહીવટી અંકુશમાં હોય તેવી તમામ કચેરીઓમાં તમામ નાણાકીય વ્યવહારો ડીજીટલ પ્લેટફોર્મ મારફતે કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની સૂચનાઓ પ્રસિધ્ધ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રાજય સરકારના તમામ નાણાંકીય વ્યવહારો ડીઝીટલ મોડથી થાય તે માટે તમામ સરકારી કચેરીઓએ તેઓના તમામ સરકારી કર, વેરાઓ, ફી અને દંડના વ્યવહારો સાયબર ટ્રેઝરી પોર્ટલ મારફતે કરવાના થશે.

(૨) ગુજરાત સરકારના વહીવટી અંકુશમાં હોય તેવી તમામ અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશન, સોસાયટી, સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓએ નવી તમામ સુવિદ્યાશુલ્ક (Utilities Bill) અંગેના વ્યવહારો Reserve Bank Of India ના NPCI (National Payments Corporation Of India) દ્વારા સંચાલિત ડીજીટલ પ્લેટફોર્મ જેવા કે આધાર લીંક પેમેન્ટ,

UPI(Unified Payment Interface), USSD(Unstructured Supplementary Service data) અને IMPS(Immediate Payment Service) મારફતે અથવા Point of Sale (POS) Machine ને અગ્રતા આપી કરવાના રહેશે.

(3) પેરા (૨) માં દર્શાવેલ કચેરીઓ દ્વારા પેરા (૨) સિવાય અન્ય કોઈ ડીજીટલ મોડ/પેમેન્ટ ગેટ વે થી નાણાકીય વ્યવહારો અંગેની વ્યવસ્થા કરવામાં આવે તો તે આંતર સંચાલિત(interoperability), સાયબર સિક્યુરીટી ધરાવતી તેમજ ભવિષ્યમાં અન્ય સીસ્ટમ સાથે ઈન્ટીગ્રેટ(Integrate) થઈ શકે તે પ્રકારની હોવી જોઈશે. તેમજ ICT સંબંધિત સરકારની તમામ સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૪) ડીજીટલ પ્લેટફોર્મ મારફતે નાણાંકીય વ્યવહારો થઇ શકે તે માટે ઉક્ત તમામ કચેરીઓએ તેમના તમામ કર્મચારીઓના/લાભાર્થીઓના બેંકમાં ખાતા ખોલાવી બેંક ખાતા સાથે આધાર સીડીંગ અને મોબાઈલ સીડીંગ કરવાની તેમજ તમામ કર્મચારી/લાભાર્થી ડેબીટ કાર્ડ/રૂપે કાર્ડ મેળવી લે તેવી વ્યવસ્થા તા. ૩૧/૩/૨૦૧૭ સુધીમાં સુનિશ્ચિત કરવાની રહેશે.

(૫) તમામ કચેરીઓએ ડીજીટલ પ્લેટફોર્મ મારફતે તેમના તમામ નાણાંકીય વ્યવહારો થાય તે માટે તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં કચેરીને સાનુકુળ હોય તેવા ડીઝીટલ પ્લેટફોર્મની વ્યવસ્થા ઉક્ત પારા(૨) અને પારા(૩) ને ધ્યાને લઇને કરવાની રહેશે. આ અંગેની વ્યવસ્થા કરવા અંગે વિભાગો/ કચેરીઓએ જરૂર જણાય તો ICT પ્લેટફોર્મ માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો તેમજ નાણાંકીય બાબતો માટે નાણાં વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

ઉક્ત ઠરાવનું પાલન થાય તેની પૂરતી કાળજી લેવા સંબંધિત વિભાગો/ખાતાના વડાઓ/બોર્ડ-કોર્પોરેશન/સોસાયટીઓ/સંસ્થાઓ/સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ વગેરેને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે. કે. પટેલ )
નાયબ સચિવ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક..મંત્રીશ્રી(નાણાં)ના અંગતસચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી. ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

*સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.

*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

*સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

- સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/ સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ, સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે કચેરીઓના વડાઓ, સર્વે જિલ્લા તિજોરી, સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ, સર્વે નિગમ, બોર્ડ, યુનિવર્સિટીઓ/ રાજ્ય સરકારના જાહેર સાહસો.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ - વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઇલ – ઝ શાખા

---

*પત્ર દ્વારા